# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**મહેમદાવાદમાં ૧૦.૦૭ ઈંચ, માતરમાં ૮.૧૧ ઈંચ વરસાદ, તારાપુરમાં ૭.૫ અને સોજીત્રામાં ૭ ઇંચ વરસાદ ખાબક્યો**

# ચરોતરમાં ચોમાસું ચિક્કાર

» નડિયાદના સુલતાન પાર્કમાં કમરડૂબ પાણી ભરાયા

» સાબરમતી નદીનું સ્તર વધતા ગામોને સતર્ક રહેવા આદેશ

» શાળા-કોલેજો બંધ રખાયા અને વહીવટી તંત્ર હાઈએલર્ટ પર

નડિયાદ


ખેડા

આણંદ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૩

ખેડા જિલ્લામાં વહેલી સવારથી શરૂ થયેલા મુશળધાર વરસાદે સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જી છે. જિલ્લામાં સૌથી વધુ વરસાદ મહેમદાવાદમાં ૧૦.૦૭ ઈંચ જ્યારે માતરમાં ૮.૧૧ ઈંચ નોંધાતા જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. નડિયાદ અને મહેમદાવાદના નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થતાં વાહનવ્યવહાર અને વેપાર-ધંધાને વ્યાપક અસર પહોંચી છે. હવામાન વિભાગ દ્વારા હજુ પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી હોવાથી વહીવટી તંત્ર એલર્ટ મોડ પર મુકાયું છે.

નડિયાદમાં ઘરો અને દુકાનોમાં પાણી ઘૂસ્યા

નડિયાદ શહેરમાં અવિરત વરસાદને કારણે મહાગુજરાત સર્કલ, મરીડા ભાગોળ અને મંજીપુરા ચોકડી જેવા વિસ્તારોમાં મોટા પ્રમાણમાં પાણી ભરાયા હતા. ખાસ કરીને મરીડા રોડ પર આવેલા સુલતાન પાર્ક વિસ્તારમાં કમર સુધી પાણી ભરાતા લોકોનો સંપર્ક કપાઈ ગયો હતો. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, દર વર્ષે ડ્રેનેજના અભાવે આ સ્થિતિ સર્જાય છે છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી. આ ઉપરાંત, દરવાજા બજારની દુકાનોમાં પાણી ઘૂસી જતાં વેપારીઓને મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. આ અંગે ડિસ્ટ્રિક્ટ ચીફ ફાયર ઓફિસર દીક્ષિત પટેલના જણાવ્યા અનુસાર આગામી ૨૪ કલાક ભારે હોઈ શકે છે. નડિયાદમાં માઈક દ્વારા જાહેરાત કરીને લોકોને તાત્કાલિક કામ સિવાય ઘરની બહાર ન નીકળવા સૂચના આપવામાં આવી છે.

ખેડા જિલ્લાના ઉપરવાસમાં ભારે વરસાદને પગલે સાબરમતી નદીમાં પાણીની આવક વધી છે. પૂર નિયંત્રણ કક્ષ દ્વારા માતર તાલુકાના પાલ્લા અને અસામલી ગામોને સાવધ રહેવા સૂચના આપવામાં આવી છે અને લોકોને નીચાણવાળા વિસ્તારોમાં જવાનું ટાળવા અનુરોધ કરાયો છે.

### ખેડા માં વરસાદ (બપોરે ૪ વાગ્યા સુધી)

| | |
|---|---|
| ખેડા | ૭.૧૬ ઈંચ |
| મહેમદાવાદ | ૧૦.૦૭ ઈંચ |
| માતરમાં | ૮.૧૧ ઈંચ |
| વસો: | ૬.૬૯ ઈંચ |
| મહુધા: | ૦.૮૬ ઈંચ |
| કઠલાલ: | ૦.૭૪ ઈંચ |
| ફાગવેલ: | ૦.૪૭ ઈંચ |
| કપડવંજ: | ૦.૧૫ ઈંચ |

(જિલ્લામાં સરેરાશ ૩.૬૭ ઈંચ વરસાદ નોંધાતા ખેડૂતોમાં રાહત જોવા મળી છે.)

### મહેમદાવાદમાંમાતાજીનામંદિરમાંપાણીભરાયા

મહેમદાવાદમાં સવારથી બપોર સુધીમાં ખાબકેલા ૧૦.૦૭ ઈંચ વરસાદને કારણે ઢાળ વિસ્તાર અને બજારમાં પાણી ફરી વળ્યા હતા. નગરપાલિકા વિસ્તારમાં આવેલા વહેરાઈ માતાજીના મંદિરમાં પાણી ઘૂસી જતાં માતાજીની મૂર્તિ પણ પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. પરિસ્થિતિ વણસતા નગરપાલિકા દ્વારા તાત્કાલિક ધોરણે વરસાદી ચેનલો તોડીને પાણીના નિકાલની કામગીરી હાથ ધરી હતી.

### વાસણા બેરેજના ૧૧ દરવાજા ખોલાયા: સાબરમતીમાં ૨૯,૪૬૧ ક્યુસેક પાણી છોડાતા હેઠવાસમાં એલર્ટ

અમદાવાદના વાસણા બેરેજમાં પાણીની સપાટી ૧૩૧.૭૫ ફૂટે પહોંચતા પૂર નિયંત્રણ કક્ષ દ્વારા ૧૧ દરવાજા ખોલીને ૨૯,૪૬૧ ક્યુસેક પાણી સાબરમતી નદીમાં છોડવામાં આવ્યું છે. નદીમાં પાણીનો પ્રવાહ વધવાના કારણે હેઠવાસના વિસ્તારોમાં જળસ્તર વધવાની શક્યતા હોવાથી નદી કિનારાના રહીશોને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે. આણંદ જિલ્લાના ખંભાત અને તારાપુર તાલુકાના નીચાણવાળા ગામોમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે વહીવટીતંત્ર દ્વારા સુરક્ષાના આગોતરા પગલાં લેવામાં આવ્યા છે.

## આણંદમાં અનારાધાર, ભાલ તરબતર

**ખેડૂતોમાં હર્ષની** હેલી; વહીવટી તંત્ર હાઈએલર્ટ પર

(પ્રતિનિધિ) આણંદ તા.23

આણંદ જિલ્લામાં લાંબા સમયની પ્રતીક્ષા બાદ મેઘરાજાએ અંતે મન મૂકીને પધરામણી કરી છે. ગુરૂવાર વહેલી સવારથી જ આકાશમાં કાળા અને ઘનઘોર વાદળોના ઘટાટોપ વચ્ચે સૂર્યનારાયણ અદ્રશ્ય રહ્યા હતા અને મેઘમહેર શરૂ થઈ હતી. શરૂઆતમાં ધીમીધારે વરસેલા વરસાદે દિવસ ચડતાની સાથે જ તોફાની સ્વરૂપ ધારણ કર્યું હતું, જેના પરિણામે સમગ્ર જિલ્લો પાણી-પાણી થઈ ગયો છે. ખાસ કરીને ભાલ પંથકમાં અનરાધાર વરસાદને કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે.

આણંદ જિલ્લામાં સૌથી વધુ વરસાદ તારાપુર તાલુકામાં ૭.૫ ઇંચ (૧૮૯ મિમી) નોંધાયો છે. જ્યારે સોજીત્રા તાલુકામાં પણ સાત ઈંચ વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. પેટલાદ અને ખંભાત પંથકમાં પણ મેઘરાજાએ તોફાની ઈનિંગ રમીને પાંચ ઈંચ જેટલો વરસાદ ઝીંક્યો છે, જેના કારણે માર્ગો પર નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા.

ભારે વરસાદની સ્થિતિને જોતા વહીવટી તંત્ર દ્વારા તકેદારીના પગલાં રૂપે શાળા-કોલેજો બંધ રાખવાની સૂચના આપવામાં આવી છે. ડિઝાસ્ટર વિભાગને તાકીદની સ્થિતિ માટે સજ્જ કરી દેવામાં આવ્યો છે અને નદીકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને એલર્ટ કરવામાં આવ્યા છે. શહેરી વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યાને કારણે જનજીવન ઠપ થઈ ગયું હતું, જ્યારે ગ્રામ્ય વિસ્તારોના નિચાણવાળા ગામોમાં પણ સ્થિતિ વિકટ બની છે.

જોકે, ભારે વરસાદને કારણે મુશ્કેલીઓ સર્જાઈ હોવા છતાં, જગતનો તાત ખુશખુશાલ જોવા મળ્યો છે. લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતોએ આ મેઘમહેરને વધાવી લીધી છે અને સરેરાશ વરસાદથી રાહતની લાગણી વ્યક્ત કરી છે.

### ક્યાં કેટલો વરસાદ

| તાલુકો | વરસાદ |
|---|---|
| તારાપુર | ૭.૫ ઈંચ |
| સોજીત્રા | ૭.૦ ઈંચ |
| પેટલાદ | ૫.૦ ઈંચ |
| ખંભાત | ૪.૦ ઈંચ |
| બોરસદ | ૧.૮ ઈંચ |
| આણંદ | ૧.૬ ઈંચ |
| આંકલાવ | ૧.૬ ઈંચ |
| ઉમરેઠ | ૦.૧ ઈંચ |

આંકડા બપોરના ૪ વાગ્યા સુધીના

### ખેડામાં વહેલી સવારથી મેઘમહેર : જળબંબાકારની સ્થિતિ

ખેડામાં વહેલી સવારથી વરસેલા વરસાદને કારણે પરા દરવાજા, કાછીયાવાડ અને સિવિલ હોસ્પિટલ માર્ગ જેવા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં હતાં. અંબિકા કોમ્પ્લેક્સના ભોંયરા, મુલ્કી ભવન પાર્કિંગ અને પોલીસ સ્ટેશન પાસે પણ પાણી ભરાતા જનજીવન પ્રભાવિત થયું હતું. પાલિકાના કારોબારી ચેરમેન, ઉપપ્રમુખ અને કાઉન્સિલરો સહિતનો સ્ટાફ વહેલી સવારથી જ અસરગ્રસ્ત વિસ્તારોમાં દોડી ગયો હતો. નગરપાલિકાની ટીમ દ્વારા ચાલુ વરસાદમાં ભારે જહેમત ઉઠાવીને ભરાયેલા પાણીના નિકાલ માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

### ખેડા : ભારે વરસાદને કારણે આરએન્ડબી સ્ટોરની દીવાલ ધરાશાયી થતા અવરજવર ખોરવાઈ

ખેડા હેલ્થ ઓફિસ પાસે R&B સ્ટોરની ૪૦ ફૂટ લાંબી દીવાલ તૂટી પડતા અંબિકા કોમ્પ્લેક્સનો રસ્તો બંધ થયો હતો. દીવાલનો કાટમાળ અને રસ્તા રીપેરીંગ માટેનો વેટમિક્સનો જથ્થો રસ્તા પર ફેલાઈ જતાં તાત્કાલિક જેસીબી મંગાવવું પડ્યું હતું. ખેડા પાલિકાના કારોબારી ચેરમેન, સભ્યો અને R&B કર્મચારીઓની હાજરીમાં યુદ્ધના ધોરણે સફાઈ કામગીરી હાથ ધરાઈ હતી. નગરપાલિકા દ્વારા કાટમાળ હટાવીને અવરોધાયેલો રસ્તો વાહનવ્યવહાર માટે ફરીથી ખુલ્લો કરવામાં આવ્યો હતો.

### તારાપુર અને ખંભાત તાલુકાના ૧૩ ગામોને એલર્ટ કરાયાં

સાબરમતી નદીમાંથી પાણી છોડાતા તારાપુર તાલુકાના ૧૧ અને ખંભાત તાલુકાના ૨ ગામોના રહિશોને સાવધ રહેવા સૂચના અપાઈ છે. ગાલિયાણા, રીંઝા, ગોલાણા અને પાંદડ સહિતના ગામોના લોકોને નદીના પટમાં ન જવા અને સાવચેતી રાખવા તાકીદ કરાઈ છે. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસી જવા માટે ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. પૂરની સ્થિતિને ધ્યાને રાખી તંત્ર દ્વારા તમામ ગામોમાં તકેદારીના પગલાં લેવા અને સુરક્ષિત રહેવા માટે ગ્રામજનોને જણાવાયું છે.

### આણંદ-ખેડા જિલ્લામાં રેડ એલર્ટ: તમામ શાળાઓ-કોલેજોમાં રજા

હવામાન વિભાગની ભારે વરસાદની આગાહીને પગલે આણંદ -ખેડા જિલ્લા મેજિસ્ટ્રેટે ૨૪ જુલાઈના રોજ શૈક્ષણિક કાર્ય બંધ રાખવા આદેશ આપ્યો છે. આ હુકમ મુજબ જિલ્લાની તમામ આંગણવાડીઓ, સરકારી-ખાનગી શાળાઓ, કોલેજો અને આઈ.ટી.આઈ. માં શુક્રવારે સંપૂર્ણપણે રજા રહેશે. વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત કરવા અને અતિવૃષ્ટિના જોખમને ટાળવા માટે વહીવટી તંત્ર દ્વારા આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જાહેરનામાનો ભંગ કરનાર શૈક્ષણિક સંસ્થાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે.

## આણંદ અને નડિયાદની ફાયર બ્રિગેડની ટીમ નવસારી રવાના

**પૂરની સ્થિતિમાં રેસ્ક્યુ** ઓપરેશન માટે બોટ અને અત્યાધુનિક રેસ્ક્યુ સાધનો સાથે જવાનો નિકળ્યાં

(પ્રતિનિધિ) આણંદ તા.૨૩

સુરત ઝોનમાં પડેલા ભારેથી અતિ ભારે વરસાદને કારણે સર્જાયેલી પૂર જેવી સ્થિતિને પહોંચી વળવા માટે આણંદ ફાયર બ્રિગેડની ટીમ મદદ માટે રવાના થઈ છે. ૨૩મી જુલાઈના રોજ બપોરે ૩:૦૦ કલાકે આરએફઓ વડોદરા કચેરીથી મળેલી સૂચનાને પગલે આ તાકીદની કાર્યવાહી કરવામાં આવી હતી.

આણંદ ફાયર ઓફિસર ધર્મેશ ગોરના માર્ગદર્શન હેઠળ રેસ્ક્યુ વિહિકલ, બોટ અને બચાવ કામગીરી માટેના તમામ જરૂરી સાધનો સાથે ટીમ નવસારી જવા રવાના થઈ છે. આ ટીમમાં સબ ફાયર ઓફિસર હિંમતભાઈ ભૂરિયા, લીડીંગ ફાયરમેન પ્રદીપ પરમાર, ફાયર ડ્રાઈવર હર્ષિલ પટેલ તેમજ ફાયરમેન વનરાજ ડામોર, અનીશ નિસરતા અને અજય ડામોરનો સમાવેશ થાય છે. આ ટીમ પૂરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા લોકોના જીવ બચાવવા અને રાહત કામગીરીમાં સક્રિય ભૂમિકા ભજવશે.

આ ઉપરાંત વલસાડમાં ભારે વરસાદથી સર્જાયેલી પૂરની સ્થિતિમાં રાહત અને બચાવ કામગીરી માટે નડિયાદ ફાયર બ્રિગેડના 4 નિષ્ણાંત તરવૈયાઓની ટીમ બોટ સાથે રવાના કરવામાં આવી છે. વલસાડ જિલ્લામાં નદીઓમાં ઘોડાપૂર અને નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર થતા જનજીવન પ્રભાવિત થયું છે. બીજી તરફ, નડિયાદમાં પણ ભારે વરસાદને પગલે નાગરિકોને બિનજરૂરી અવરજવર ટાળવા અને જરૂર જણાયે કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા અપીલ કરાઈ છે. ડિસ્ટ્રિક્ટ ફાયર ઓફિસર દીક્ષિત પટેલે સુરક્ષા સાવચેતી રાખવા શહેરજનોને અનુરોધ કર્યો છે.

### માતા-પિતાને મારી નાખવાની ધમકી આપી

## અડાસ ગામના નરાધમે સગીરા પર દુષ્કર્મ ગુજાર્યું

**પોલીસે ગુનો નોંધી** વ્હેરાખાડીથી યુવકની ધરપકડ કરી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૩

આણંદના અડાસના વતની અને હાલ વ્હેરાખાડીમાં રહેતા ૨૫ વર્ષીય યુવકે ૧૪ વર્ષની સગીરાને પોતાની જાળમાં ફસાવી, ધમકી આપી વારંવાર શારીરિક શોષણ કર્યું હોવાની ગંભીર ઘટના સામે આવી છે. આ મામલે સગીરાની માતાએ ફરિયાદ નોંધાવતા પોલીસે નરાધમ આરોપીની અટકાયત કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. અડાસના મૂળ વતની અને હાલ વ્હેરાખાડી ખાતે રહેતા ૨૫ વર્ષીય આશિક બાલસંગભાઈ પરમાર નામના યુવક સામે સગીરાનું શારીરિક શોષણ અને બળાત્કાર અંગેનો ગંભીર ગુનો નોંધાયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, અડાસના આશિક પરમારે ૧૪ વર્ષની સગીરા સાથે અવારનવાર મુલાકાત કરી પરિચય કેળવ્યો હતો.પરિચય કેળવ્યા બાદ તેણે સગીરાને ભોળવીને તેના માતા-પિતાને મારી નાખવાની ધમકી આપી સગીરાને ધમકાવવાનું શરૂ કર્યું હતું. આ નરાધમે સગીરાને અવાવરૂ જગ્યાએ બોલાવી તેની સાથે બળજબરીપૂર્વક શારીરિક શોષણ કર્યું હતું. આ સમગ્ર મામલાનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે ૧૧મી જુલાઈના રોજ સગીરા ઘરે ગેરહાજર જણાતા તેની માતાએ આ અંગે પૂછપરછ કરી હતી.

આ દરમિયાન ભોગ બનનાર સગીરાએ નરાધમ આશિકે આચરેલા દુષ્કર્મ અંગેની તમામ હકીકત પોતાની માતાને જણાવી દીધી હતી. આ ઘટના અંગે સગીરાની માતાએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ત્વરિત કાર્યવાહી કરી આરોપી આશિક પરમારની વ્હેરાખાડીથી અટકાયત કરી છે. આ અંગે પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તેને કસ્ટડીમાં ધકેલી દીધો છે અને આ કેસમાં વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, આણંદના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી સગીરાના અપહરણ અને દૂષ્કર્મના કિસ્સા વધી રહ્યાં છે. આવા બનાવમાં આરોપીઓ સામે કડક પગલાં ભરવા માગણી ઉઠી છે. આ ઉપરાંત જનજાગૃતિ પણ જરૂરી બન્યું છે.

### ખેડા જિલ્લાના આરોગ્ય વિભાગમાં કૌભાંડનો પર્દાફાશ

## કપડવંજમાં ગેરહાજર કર્મચારીને છાવરી નિયમિત પગાર ચૂકવાયો

**કપડવંજ તાલુકા** હેલ્થ ઓફિસર અને હેલ્થ વર્કરને નોટિસ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૩

ખેડા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગમાં ચાલતી વહીવટી લોલમલોલ અને ગંભીર નાણાકીય ગેરરીતિઓનો પર્દાફાશ થયો છે. કપડવંજ તાલુકાના આંત્રોલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળના સબસેન્ટરમાં ફરજ બજાવતા કર્મચારી મહિનાઓ સુધી બિનઅધિકૃત રીતે ગેરહાજર હોવા છતાં, સ્થાનિક અધિકારીઓની મિલીભગતથી તેમને નિયમિત પગાર ચૂકવવામાં આવતો હોવાની ચોંકાવનારી વિગતો સપાટી પર આવી છે.

ખેડા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવેલી આકસ્મિક તપાસમાં જાણવા મળ્યું છે કે, આંતરસુંબા સબસેન્ટરના મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર મયુર એમ. મહેતા વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬ ના વિવિધ મહિનાઓમાં કોઈપણ મંજૂરી વગર ગેરહાજર હતા. આ ગેરહાજરીને કપાત પગારી રજા ગણવાને બદલે તાલુકા હેલ્થ ઓફિસર ડો. અંકુર પટેલ દ્વારા તેમને સરકારી તિજોરીમાંથી પગાર ચૂકવી દેવામાં આવ્યો હતો. આ મામલે સીડીએચઓ દ્વારા લાલ આંખ કરી બંને કસૂરવારોને કારણદર્શક નોટિસ ફટકારી ૩ દિવસમાં ખુલાસો માંગ્યો છે.

આ કૌભાંડ બાદ સમગ્ર જિલ્લાના આરોગ્ય તંત્રમાં તપાસનો ધમધમાટ શરૂ થયો છે. જિલ્લાના તમામ ૧૦ તાલુકા મથકોએ ડેડસ્ટોક રજીસ્ટર, બાંધકામ, આરસીએચ અને એનએચએમની યોજનાકીય કામગીરીના હિસાબોની ઝીણવટભરી ચકાસણી કરવા માટે ૪ અલગ-અલગ તપાસ સમિતિઓની રચના કરવામાં આવી છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225